# એસોચેમ દ્વારા વર્ષ ૨૦૧૮ની શ્રેષ્ઠ યુનિવર્સિટી તરીકેનો એવોર્ડ ગણપત યુનિવર્સિટીને એનાયત

ગણપત યુનિવર્સિટી, તા. ૧૯

૧૭મી મેએ નવી દિલ્હી ખાતે યોજાયેલા નેશનલ ઈનોવેશન એવોર્ડસ-૨૦૧૮માં એસોચેમ (એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા) દ્વારા ગણપત યુનિવર્સિટીને 'બેસ્ટ યુનિવર્સિટી ઓફ ધ યીઅર ૨૦૧૮' તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.




એસોચેમ ઈન્ડિયા દ્વારા હોટેલ તાજમહેલ, નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય કક્ષાના 'નેશનલ ઈનોવેશન એવોર્ડ્સ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવેલ જેમાં 'પ્રમોટિંગ એજ્યુકેશન એક્સેલન્સ-લિંકિંગ સાયન્સ, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ ઈનોવેશન ફોર ઈકોનોમિક ગ્રોથ' વિષય ઉપર પેનલ ડીસ્કશનનનું પણ આયોજન કરવામાં આવેલ. આજ પ્રસંગ દરમિયાન વિજ્ઞાન, ટેકનોલોજી, સંશોધન અને નવીનીકરણના ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનાર સંસ્થાઓનું પણ સન્માન કરવામાં આવેલ.

આ રાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટનું આયોજન કરવાનો એકમાત્ર ઉદ્દેશ્ય ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં શ્રેષ્ઠતા અને ગુણવત્તાના વાતાવરણને પ્રોત્સાહિત કરવું, ભાવિ વિચારકોને પ્રેરણા આપવી, અને જે કોઈ પણ સંસ્થાઓએ વિજ્ઞાન, ટેકનોલોજી, સંશોધન અને નવીનીકરણના ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે એમને પ્રેરણા આપી રાષ્ટ્રીય સ્તરે બિરદાવવાનો હતો.

ગણપત યુનિવર્સિટી દ્વારા ઈનોવેશનના કલ્ચરને વધુને વધુ દૃઢ બનાવવા માટે જે અથાગ પ્રયાસો કરવામાં આવ્યા છે તથા યુનિવર્સિટી દ્વારા ઈન્ડસ્ટ્રી-એકેડેમીઆ લિંક્ડ ઉચ્ચ શિક્ષણનું જે નવીન મોડેલ સ્થાપવામાં આવ્યું છે તેના રાષ્ટ્રીય સ્તરના સન્માનરૂપી આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગણપત યુનિવર્સિટી તેના વિદ્યાર્થીઓને આઈબીએમ, ગૂગલ, ઈ-ઈન્ફોચિપ્સ, એનએસઈ, દુધસાગર ડેરી જેવી પ્રખ્યાત સંસ્થાઓ સાથે સક્રિય સંગઠનમાં ઉદ્યોગ-કેન્દ્રિત ડિગ્રી પ્રોગ્રામ્સ દ્વારા વધુને વધુ મોટી રોજગારીની તકો ઉપલબ્ધ કરાવે છે.

ગણપત યુનિવર્સિટીને આ એવોર્ડ સમગ્ર રાષ્ટ્રમાંથી ઉપસ્થિત શિક્ષણવિદો, વિદ્વાનો અને ઉદ્યોગપતિઓની હાજરીમાં યુ.એસ. કાઉન્સેલર ફોર પબ્લિક અફેર્સ જેફરી આર સેક્સટન દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. આ પુરસ્કાર, યુનિવર્સિટીના પેટ્રોન-ઈન-ચીફ અને પ્રમુખ ગણપતભાઈ પટેલ અને ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્માના સ્વપ્રદષ્ટિય નેતૃત્વ હેઠળ, સમગ્ર યુનિવર્સિટી વતી ડૉ. અમિત પટેલ (રજિસ્ટ્રાર) અને પ્રોફેસર રાજેન પુરોહિત (હેડ-ન્યૂ ઈનિશિએટીવ્સ) દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. અત્રે એ પણ નોંધપાત્ર છે કે ગણપતભાઈ પટેલે આ વર્ષને 'યિયર ઓફ ટ્રાન્સફોર્મેશન' એટલે કે 'પરિવર્તનનું વર્ષ' જાહેર કર્યું છે અને તેથી યનિવર્સિટીને મળેલ આ પુરસ્કાર એ દિશામાં એક યોગ્ય શરૂઆત લાગે.

## મોડાસામાં જીલ્લા પુરવઠા વિભાગે જીઆઈડીસી નજીકથી ઝડપેલ

# શંકાસ્પદ ઘઉંનો જથ્થો કાયદેસર નીકળ્યો

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લામાં ગરીબો માટે સસ્તા અનાજની દુકાનોમાં ધાન્ય ફાળવવામાં આવતું હોય છે. આ અનાજના જથ્થાનું કેટલાક સસ્તા અનાજના સંચાલકો દ્વારા બારોબારીયું કરી જીલ્લા પુરવઠા વિભાગની આંખોમાં ધૂળ નાખી કે પછી અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગતથી અનાજ વેંચતા વેપારીઓને વેચી કૌભાંડ આચરવામાં આવતું હોવાની જીલ્લામાં અનેકવાર બૂમો ઉઠતા જીલ્લા પુરવઠા વિભાગે રૂટીન ચેકીંગ હાથ ધરાતા મોડાસા જીઆઈડીસી નજીકથી ટેમ્પા રાજસ્થાનથી લાવતો પ્રાથમિક નજરે શંકાસ્પદ જણાતો ઘઉંનો જથ્થો ઝડપી તપાસ હાથ ધરાતા ટેમ્પો ચાલકે બિલ રજુ કરતા અને મોડાસા માર્કેટયાર્ડમાં વેપારીને જથ્થો વેચવા માટે હોવાની બિલ્ટી બતાવતા ટેમ્પો ચાલકને ઘઉંના જથ્થા સાથે છોડી મુકવામાં આવ્યો હતો.



રાજસ્થાનના સલુમ્બર તાલુકાના ઝાલર ગામેથી ટેમ્પોમાં ઘઉંનો જથ્થો ભરી બિલ સાથે મોડાસા માર્કેટયાર્ડમાં વેપારીને ત્યાં પહોંચાડવાનો હતો. શનિવારે સવારે જીલ્લા પુરવઠા વિભાગની ટીમ મોડાસા જીઆઈડીસી નજીક સસ્તા અનાજનો જથ્થો ગેરકાયેદસર હેરાફેરી થતો અટકવાવા રૂટિન ચેકીંગની કામગીરીમાં ટેમ્પો ઘઉંના જથ્થા સાથે શંકાસ્પદ જણાતા પુરવઠા વિભાગની ટીમે અટકાવી ટેમ્પોમાં રહેલા ઘઉંના જથ્થાની તપાસ હાથ ધરાતા અને ટેમ્પોચાલકની પૂછપરછ કરતા ટેમ્પો ચાલકે બિલ રજુ કરતા ઘઉંનો જથ્થો ભરેલ ટેમ્પો ચાલકને જવા દેવામાં આવ્યો હતો.

જીલ્લા પુરવઠા વિભાગના સપ્લાયર ઈન્સ્પેક્ટર મયુર રાવલ સાથે ઘઉંના ઝડપેલા શંકાસ્પદ જથ્થા અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા જણાવ્યું હતું કે આજે રૂટિન ચેકીંગ દરમિયાન રાજસ્થાન તરફથી ઘઉંનો જથ્થો ભરેલ ટેમ્પો અટકાવી શંકાસ્પદ જણાતા ટેમ્પોચાલકની પૂછપરછ કરતા ટેમ્પોમાં ભરેલ ઘઉંનો જથ્થો કાયદેસર બિલ સાથે મોડાસા માર્કેટયાર્ડમાં વેચાણ અર્થે વેપારીની પેઢીના નામ સાથે હોવાથી મોડાસા માર્કેટયાર્ડમાં પણ વેપારીનો જથ્થો હોવાનું જણાવતા ઘઉંનો જથ્થો ભરેલ ટેમ્પોને રવાના કરવામાં આવ્યો હતો. ટેમ્પોમાં રહેલી ઘઉંની બેગ્સ પર એફસીઆઈનો બારકોડ અને સ્પેશ્યલ થ્રેડ્સ પણ ન હોવાથી આ જથ્થો કાયદેસર હોવાનું જણાવ્યું હતું.

# ભિલોડાના ખલવાડ ગામના ગૌચરમાં ગેરકાયદેસર રીતે દબાણ કરાતાં જમીન માપણીની કાર્યવાહી

ભિલોડા,તા.૧૯

ભિલોડા તાલુકાના ખલવાડ ગામની ખલવાડ ગ્રામ પંચાયતના સીમડામાં આવેલ ગૌચરમાં ગેરકાયદેસર રીતે દબાણ કરાતાં જમીન માપણીની કાર્યવાહી વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા ન્યાયિક કાર્યવાહી હાથ ધરી હતી.ગૌચરની જમીનમાં ગેરકાયદેસર રીતે દબાણ કરી વૃક્ષો કાપી નાખી લાખ્ખો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હતું ત્યારે જાગૃત પ્રજાજનોમાં અને વૃક્ષ પ્રેમીઓમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો હતો. ખલવાડ ગ્રામ પંચાયત સરપંચ અશ્વિનભાઈ જીવાભાઈ કલાસવા, જાગૃત ગ્રામજનોએ જીલ્લા કલેકટર, ડી.ડી.ઓ., ટી.ડી.ઓ. સહિત વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓને ગૌચરની જમીનમાંથી દબાણ કર્તાઓને હટાવવા ઉગ્ર ધારદાર લેખિત, મૌખીક રજુઆતો કરી હતી.ખલવાડ ગામના ગૌચરની જમીન માપણીની કાર્યવાહી અરવલ્લી જીલ્લા ડી.એલ.આર. કચેરી, મોડાસાના અધિકારીઓ ધ્વારા જમીન માપણીની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ખલવાડ ગ્રામ પંચાયતની હદમાં આવેલા સર્વે નંબર.૭ પૈકી ૪ ની ગૌચરની જમીનમાં પ્રવિણભાઈ કોદરભાઈ અસારીએ ગ્રામ વનીકરણ યોજના હેઠળ વાવેલા નિલગીરી, અરડુસા,



ઈઝરાયલ બાવળ, ગાંડા બાવળ, કણજી સહિત વિવિધ પ્રકારના વૃક્ષો કાપી નાખી નુકસાન કરી ગેરકાયદેસર રીતે દબાણ કર્યું હતું. દબાણ કર્તા ઈસમે ગૌચરની જમીન પચાવી પાડવા માટે અવનવા પેંતરા રચ્યા હતા.ખલવાડ ગ્રામ પંચાયત સરપંચ ધ્વારા દબાણકર્તા ઈસમને નોટીસ આપી હતી. ખલવાડ ગ્રામ પંચાયતના સિમાડામાં આવેલા ગૌચરમાં ગેરકાયદેસર રીતે દબાણ કરાતાં ડી.એલ.આર. કચેરી, વહીવટી તંત્રના અધિકારીઓ, ગ્રામજનોની હાજરીમાં ગૌચરની જમીન માપણીની કાર્યવાહી હાથ ધરી હતી. ડી.એલ.આર. કચેરીના અધિકારીઓના જણાવ્યા મુજબ ખલવાડ ગામના ગૌચરની જમીનની માપણીની અને સર્વેની કાર્યવાહી પુર્ણ કરી છે ત્યારે ગૌચરની જમીનનો નકશો ટુંક સમયમાં મળી જશે તેમ જણાવ્યું હતું.

# પ્રાંતિજમાં એક યુવકને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તલોદના યુવકને માર મારી ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ આઈટીઆઈમાંથી યુવકને બહાર બોલાવી આરોપી નંબર-૧ અસ્મિતસિંહ રામસિંહ સોલંકી કહેલ કે તુ મારા કાકાની દિકરી સ્નેહલ સાથે કેમ ચાલુ છે તેવી વાત કરતાં હતાં તે વખતે આરોપી નંબર-૨ જયેન્દ્રસિંહ જવાનસિંહ સોલંકીનાએ સુરેન્દ્રને પાછળથી ઝાપટ મારી તેનું ઉપરાણુ લઈ આરોપી નંબર-૩ પ્રવિણસિંહ જસવંતસિંહ સોંલકી તથા આરોપી નંબર-૧ અસ્મીતસિંહ ગાળાગાળી કરી શરીરે મુઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરતા ત્રણેય આરોપીઓ રહે. દોલતાબાદ (પરબડીવાળો વાસ) રહે. તલોદ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ભરતસિંહ સોલંકી ઉ.વર્ષ-૨૫ રહે. દોલતાબાદ (પરબડી વાળોવાસ) તલોદનાએ ફરીયાદ કરતાં પોલીસે આઈપીસી કલમ ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## મડાણા (ગઢ) ગામે અપશબ્દો બોલવાની ના પાડતાં હૂમલો

પાલનપુર તાલુકાના મડાણા ગઢ ગામે રહેતા અમરતભાઈ ખેમાભાઈ રાવળને ગામના જ જયેશભાઈ પોપટભાઈ રાવળ, દશરથભાઈ લીલાભાઈ રાવળ, રમાભાઈ માધાભાઈ રાવળ, લીલાભાઈ માધાભાઈ રાવળ, પીન્ટુ ઉર્ફે જીતેન્દ્ર અશોકભાઈ રાવળ જાહેરમાં અપશબ્દો ઉચ્ચારતા હતા. તેમને આવું ન બોલવાનું કહેતા પાંચેય શખ્સો ઉશકેરાઈ ગયા હતા. અને અમરતભાઈ ઉપર પાવડો, પાઈપ, લાકડી વડે હૂમલો કરી ઈજાઓ પહોચાડી હતી. આ અંગે ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં બે સટ્ટોડીયા ઝડપાયા : એક ફરાર

પાલનપુર શહેરના બેચરપુરા ફાટક વિસ્તારમાં મોબાઈલ ફોન ઉપર આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો રમી બુકીઓ પાસેથી નાણાં મેળવતા બે સટ્ટોડીયાઓને પશ્ચિમ પોલીસે ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨૫૦૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જ્યારે ફરાર એક સટ્ટોડીયાને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કરાયા છે.

બનાસકાંઠા જિલ્લામાં સટોડીયાઓ આઈપીએલની ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમી રહ્યા છે. જ્યાં તાજેતરમાં ભાભરમાંથી બે સટોડીયાઓ ઝડપાયા હતા. દરમિયાન પાલનપુર ખાતે બેચરપુરા ફાટક વિસ્તારમાં સટ્ટો રમતાં બે શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બેચરપુરા ફાટક પાસે હનુમાનજી ના મંદીર નજીક કેટલાક શખ્સો સટ્ટો રમતા હોવાની બાતમી મળતાં પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. સોલંકીની સૂચનાથી સ્ટાફે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં બે શખ્સો પોતાના મોબાઈલ ઉપર અલગ અલગ ગ્રાહકોના રન સેશન દીઠ પૈસા ઉપર સટ્ટો લગાવી બુકીને લખાવતા ઝડપાઈ ગયા હતા. જેમની પાસેથી બુકી પાસેથી સોદા લખવા પેટે મેળવેલા રૂપિયા ૩૦૦, રૂપિયા ૧૦૦૦૦ના મોબાઈલ ફોન નં. બે, રૂપિયા ૧૫,૦૦૦નું એકટીવા મળી કુલ રૂપિયા ૨૫,૦૦૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. જ્યારે મોબાઈલ નં.૯૭૨૭૩૪૨૬૭૮ ધરાવતા શખ્સને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કરાયા છે. આ અંગે સલીમખાને પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ત્રણેય સામે જુગારધારાની કલમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં પાલિકા નિર્મિત બગીચાના લોકાર્પણને ગ્રહણ

# બગીચાનું લોકાર્પણ કરવા સામે જિલ્લા કલેક્ટરનો મનાઈ હુકમ

## સરકારી માલિકીની જગ્યા પર મનસ્વી રીતે બગીચાનું નિર્માણ કરી દેવા સામે કલેક્ટરનો આકરો અભિગમ : યથાવત સ્થિતિ જાળવી રાખવા પાલિકાને આદેશ

ડીસા, તા. ૧૯

બનાસકાંઠાના ડીસા ખાતે સ્થાનિક નગરપાલિકાએ હાઈવે પરના હવાઈ પિલર મેદાનની જગ્યા પર મોટા ઉપાડે નવા સાર્વજનિક બગીચાનું નિર્માણ કરાવ્યું હતું અને પાલિકા પ્રમુખે આ બગીચાના નિર્માણનો જશ ખાટવાના ઈરાદે આવતીકાલ રવિવારે જ આ બગીચાનું મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવાની પણ જાહેરાત કરી દીધી હતી. જોકે ડીસા નગરપાલિકાએ સરકાર હસ્તકની જગ્યા પર દબાણ આચરી આ બગીચો બાંધી દીધો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવતા સર્જાયેલા વિવાદ વચ્ચે આજે જિલ્લા કલેકટરે આ બગીચાનું લોકાર્પણ કરવા સામે મનાઈ હુકમ ફરમાવી દેતા પાલિકા પ્રમુખની હાલત કફોડી બની ગઈ છે.ડીસા નગરપાલિકા દ્વારા ડીસા હાઈવે પર આવેલ હવાઈ પિલર ગ્રાઉન્ડની જગ્યા પર અંદાજીત અઢી કરોડ રૂપિયા ખર્ચે સાર્વજનિક બગીચાનું નિર્માણ કરાયા બાદ આવતીકાલ રવિવારે સાંજે આ નવનિર્મિત ×નાનાજી દેશમુખ બાગ× ના લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.આ નવા બગીચાનું મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે લોકાર્પણ થનાર હતું. જોકે આ લોકાર્પણ સમારોહના ગણતરીના કલાકો પૂર્વે જ જિલ્લા કલેકટરે આ બગીચાનું લોકાર્પણ કરવા સામે મનાઈ હુકમ ફરમાવી દેતા ખળભળાટ મચી ગયો છે.

ડીસા નગરપાલિકા દ્વારા નવનિર્મિત બગીચાનો લોકાર્પણ કાર્યક્રમ મુલતવી રાખવાની નોબત આવતા પાલિકા પ્રમુખ તેમજ પાલિકા તંત્રની હાલત કફોડી થઈ ગઈ છે.ડીસા નગરપાલીકાએ મનમાની ચલાવી પી.ડબ્યુ ડી.વિભાગ અને સરકારની માલિકીની જગ્યામાં મનસ્વી રીતે બગીચો બનાવી દીધો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવતા વિવાદ સર્જાયો છે અને આ બગીચો સરકારી બીન નંબરી જમીનમાં બનાવાયો હોવાના મામલે વીવાદ સર્જાતા જિલ્લા કલેકટર સંદીપ સાંગલેએ મામલાને ગંભીરતાથી લઈ આવતીકાલ રવિવારે સાંજે આ બગીચાનું લોકાર્પણ કરવા સામે મનાઈ હુકમ ફરમાવી દીધો છે.જિલ્લા કલેકટરના આ મનાઈ હુકમ બાદ ડીસા શહેરમાં ખળભળાટ મચી ગયો છે.જોકે આ મામલે ડીસાના નાયબ કલેકટર કે પાલિકાના મુખ્ય અધિકારીની કોઈ પ્રતિક્રિયા જાણી શકાઈ નથી પરંતુ બગીચાના લોકાર્પણ પર મનાઈ હુકમ ફરમાવી દેવાયો હોવાનો સ્વીકાર કરતા પાલિકાના કચેરી અધિક્ષક રાજુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે જિલ્લા કલેકટરે બગીચાના લોકાર્પણ ઉપરાંત રોડના કામને આગળ ધપાવવા સામે પણ મનાઈ ફરમાવી યથાવત સ્થિતિ જાળવી રાખવા આદેશ કર્યો છે.





ઉલ્લેખનીય છે કે ડીસા નગરપાલિકા દ્વારા નિર્મિત બગીચો સરકારી માલિકીની જમીનમાં બંધાયો હોવાનો પર્દાફાશ થતા જિલ્લા કલેકટરે આ બગીચાના લોકાર્પણ તેમજ રસ્તો બાંધવાના કામ સામે મનાઈ હુકમ ફરમાવી દેતા પાલિકાની પોલ બહાર આવી છે.પાલિકા પ્રમુખે જશ ખાટવા નીતિ નિયમોને નેવે મૂકી આ બગીચો બંધાવી દીધો છે. જોકે આ મામલે જિલ્લા કલેકટરે કડક વલણ અપનાવી આ બગીચાના લોકાર્પણ સામે મનાઈહુકમ ફરમાવી દેતા પાલિકાની તિજોરીની અઢી કરોડથી વધુની રકમનો વ્યર્થ વેડફાટ થયો હોવાનું સ્પષ્ટ થઈ જતા પાલિકા પ્રમુખની મનમાની પણ હવે ચર્ચાની એરણે ચઢી છે. વળી, ડીસા નગરપાલિકાના વર્તમાન પ્રમુખની મુદત પૂર્ણ થવા આવી છે છતાં તેઓ પાલિકાના સદસ્યોને વિશ્વાસમાં લીધા વગર મનસ્વી નિર્ણયો લઈ રહ્યા હોવાની ફરિયાદો પણ વધી રહી છે. પાલિકા પ્રમુખની આવી મનમાની સામે પાલિકા સદસ્યોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે અને પક્ષની નેતાગીરીએ પણ આ મામલાને ગંભીરતાથી લઈ જિલ્લા કલેકટર જેવો જ આકરો અભિગમ અપનાવે તેવી માંગણી પણ જોર પકડી રહી છે.

**- રાજુભાઇ દેસાઈ, કચેરી અધિક્ષક, ડીસા નગરપાલિકા**

## ટીમ્બા ગામે જળસંચય અભિયાનનું કામ પ્રગતિમાં - ૯૦૦૦ ઘનમીટર માટીનું ખોદકામ

મહેસાણા, તા. ૧૯

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૭ મે ૨૦૧૮ના રોજ ટીમ્બા ગામે સુજલામ સુફલામ અભિયાનનો પ્રારંભ કરાયો હતો. ટીમ્બા ગામે જે.સીબી અને ૧૫ ટ્રેકટરો દ્વારા માટીનું ખોદકામ ચાલી રહ્યું છે.માધવ કંસ્ટ્રકશન દ્વારા ટીમ્બા ગામે આજ દિન સુધી ૯૦૦૦ ઘનમીટર માટીનું ખોદાણ થયું છે. ટીમ્બા તળાવ ઉંડું કરવાથી વધારાના ૨૦૦ મીલીયન ઘનફુટ પાણીનો સંગ્રહ થશે- ટીમ્બા તળાવનું ઉંડુ કરવાનું કામ રૂ.૧૯.૮૬ લાખના ખર્ચે થનાર છે.-તળાવની કેપીસીટી ૪.૫૦ એમ., સી.એફ.ટી જે તળાવનું કામ પુર્ણ થયે ૭ એમ.સી.એફ.ટી થશે. તળાવના કામથી બાજુમાં રીચાર્જ વેલ, ચેકડેમ અને વનતલાવડી રીચાર્જ થનાર છે જેનો સીધો ફાયદો ગ્રામજનોને મળનાર છે-તળાવનું કામ પુર્ણ થયે તળાવમાં પાણી આવ્યેથી ૨૦૧૯ મે-જુન સુધી પાણી જોઇ શકાશે.

# ભાજપના કાર્યાલય ખાતે કોંગી કાર્યકરોએ ફટકડા ફોડીને મનાવ્યો જશ્ન

કર્ણાટકમાં હાઈવોલ્ટેજ ડ્રામા બાદ ભાજપે સત્તા છોડવાનો વારો આવ્યો છે તેની ખુશીમાં




કોંગ્રેસ મહેસાણામાં જોવા મળી હતી. ડેપ્યુટી. સી.એમ. નીતિન પટેલના ગઢ મહેસાણામાં કોંગ્રેસે મહેસાણામાં જશન મનાવ્યો હતો પરંતુ તે જશન ભાજપના કાર્યલય ખાતે કોગી કાર્યકરોએ ફટકડા ફોડીને મનાવ્યો હતો. સાથે મો પણ મીઠું કર્યુ હતું.

મુખ્યમંત્રી પદના શપથ લેનારા બી એસ યેદિયુરપ્પાએ આજે ગૃહમાં સીએમ પદ તરીકે સત્તા પ્રથમ મેળવી લેવાનો પ્રયાસ કર્યો હતો. આજે ૪ વાગે ફ્લોર ટેસ્ટમાં બીજેપીએ બહુમત સાબીત કરવાનો હતો પરંતુ તે પહેલાં જ યેદિયુરપ્પાએ સીએમ પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. યેદિયુરપ્પા ગૃહથી સીધા રાજયપાલની ઓફિસ જઈને મુખ્યમંત્રી પદથી રાજીનામું સુપરત કર્યું છે તેવા એહવાલ મળતાની સાથે જ કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીની લ્હેર જોવા મળી હતી. ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી હોવા છતાંય બહુમત સાબિત કરવામાં નિષ્ફળ રહેલી યેદિયુરપ્પા સરકારને રાજીનામું આપવાની ફરજ પડી હતી. બીજેપીએ સત્તા મેળવવા તમામ પ્રકારના પ્રયાસો હાથ ધર્યા હતા. ત્યારે આ સમગ્ર મામલે હાલમાં કોંગ્રેસે મહેસાણામાં જશન મનાવ્યો હતો અને તેમાં પણ ડેપ્યુટી સી.એમ. નીતિન પટેલના ગઢ મહેસાણામાં ભાજપના કાર્યલયની સામે કોગી કાર્યકરોએ જશન મનાવ્યો હતો. ભાજપના કાર્યાલય ખાતે કોગી કાર્યકરોએ ફટકડા ફોડીને ખુશી વ્યક્ત કરી હતી અને ત્યાર બાદ તોરણવાળી બજારમાં જઈને ફટકડા ફરીવાર ફોડ્યા હતા સાથે મો પણ મીઠું કર્યું હતું.

# મહેસાણા જિલ્લામાં પ્રિ-મોન્સુનના આયોજનની બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૧૯

આગામી ચોમાસાની ઋતુમાં ભારે વરસાદ-પૂર અને વાવાઝોડાની પરિસ્થિતિ સર્જાય તો તેવા સમયે જાન-માલને થતાં નુકશાનને અટકાવી શકાય તે માટે ઈન્ચાર્જ જિલ્લા કલેકટર એમ.વાય દક્ષિણીના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુનના આયોજનની બેઠક યોજાઈ હતી.

ઈન્ચાર્જ જિલ્લા કલેકટર એમ.વાય. દક્ષિણીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં ચોમાસા દરમિયાન મુશ્કેલીઓ ના પડે તેની કાળજી રાખીએ તેમજ કોઈપણ ઘટનાને તાકીદે પહોંચી વળવા પુરતી તૈયારી સાથે સુદ્રઢ આયોજન કરીએ. તાત્કાલીક સંપર્ક માટેના જરૂરી તમામ ફોન નંબર અત્યારથી મેળવી લઈ હાથવગા રાખવા તેમણે તમામ અધિકારીઓને સુચના આપી હતી.

પૂર પહેલાં કયાં પગલાં લેવાં, પૂર સમયે કેવાં પગલાં લેવાં અને પૂર પછી કેવાં પગલાં લેવાં તથા તેનું સુદ્રઢ આયોજન કરવા જિલ્લા કલેકટરે વિસ્તૃતત માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

ચોમાસાને અનુલક્ષી જયાં વધારે પાણી ભરાતુ હોય ત્યાં પાણીના નિકાલ અંગે, નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને જરૂર પડયે સલામત સ્થળે ખસેડવા અને જરૂરી મદદ કરવા અંગે ગ્રામ્ય કક્ષા સુધી જરૂરી આયોજન કરવા તથા તેની અધિકારીઓ અને કર્મચારીઓને ફરજ સોંપવા, ચોમાસાની સીઝનમાં સજાગ રહેવા તથા જિલ્લામાં કોઈપણ ઘટના બને ત્યારે તરત જ જિલ્લા કન્ટ્રોલ રૂમને જાણ કરવા અધિકારીઓને સુચના આપી હતી.